જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૬/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૦૦૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૭૫૯ | ૨૯ | ૮૭૮૮ | ૧૪૮૩૯ | ૨૯ | ૧૪૮૬૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૩૭ | ૧૦ | ૪૨૪૭ | ૫૭૫૦ | ૧૧ | ૫૭૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૪ | ૨ | ૩૬ | ૧૯૯ | ૧ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૧૫૬ | ૪૨૦ | ૮૫૭૬ | ૯૧૬૯ | ૩૮૦ | ૯૫૪૯ |
| કુલ | | ૨૧૧૮૬ | ૪૬૧ | ૨૧૬૪૭ | ૨૯૯૫૭ | ૪૩૧ | ૩૦૩૭૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૬૨ | ૧,૪૩,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૯૮ | ૬,૩૯,૬૦૦/- |

# અપહરણ કરી ભગાડી જનાર આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## લગ્ન કરવાની લાલચ આપી ૧૫-વર્ષની બાળકીનું અપહરણ કરી ભગાડી જનાર આરોપીને શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે તાજેતરમાં દાખલ થયેલ અપહરણ ના ગુન્હાઓમાં આરોપી તથા ભોગ બનનાર ને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.કે.રાઠોડ નાઓએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ-ગુ.ર.નં-૦૧૪૬૯/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬, મુજબના કામે ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢવા સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો ને સુચના કરતા કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના ગુન્હામાં ૧૫-વર્ષ ની બાળકીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડી જનાર આરોપીને ગણતરીના કલાકોમાં ગામ-રાલેઝ તા.ખંભાત જીલ્લો-આણંદ ખાતેથી શોધી કાઢતી કૃષ્ણનગર સર્વેલન્સ ટીમ તા.૨૦/૦૬/૨૦૨૦

**આરોપીનું નામ** :- અજય સ/ઓ અરવિંદભાઇ જાતે રાઠોડ ઉ.વ.૨૦ રહે,ગામ-રાલેઝ તા.ખંભાત જીલ્લો-આણંદ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા તેઓની ટીમના માણસો અ.પો.કોન્સ જયરાજસિંહ ભીખુભા બ.નં-૭૦૭૯ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા વુ.લોકરક્ષક કક્ષાકુમારી મહેન્દ્રભાઇ બ.નં-૧૦૪૭૬ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા બીજા સાથેના માણસો



# બીનવારસી બાળક મળી આવી વાલીને શોધી ખરાઇ કરી બાળક સોપેલ

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## બીનવારસી મળી આવેલ બાળકના વાલી વારસને શોધી બાળકનો કબ્જો તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ

આજરોજ તા.૨૦/૦૬/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગ્યા થી પો.સબ.ઇન્સ આર.આર.ગળચર તથા મ.સ.ઇ. રાવજીભાઇ નાથાભાઇ તથા અ.હે.કો. મોહમદઇદરીશ મહેબુબમીયા તથા અ.પો.કો. રુષીરાજસિહ અનીરુધ્ધસિહ તથા અ.લો.ર. પુર્વરાજસિહ જયેન્દ્રસિહ તથા શી ટીમ ઇન્ચાર્જ વુ.અ.હે.કો. દીપલબેન જીતેન્દ્રકુમાર તથા વુ.લો.ર. જયાબેન નરોત્તમભાઇ તથા વુ.અ.લો.ર. વૈશાલી જેન્તીભાઇ તથા અ.લો.ર. રાકેશભાઇ માથુરભાઇ નાઓ લોક ડાઉન અનુસંધાન મા ગોવીંદવાડી શાક માર્કેટ મા પેટ્રોલીંગ મા ફરતા હતા તે દરમ્યાનમા એક આશરે ચાર વર્ષ ની ઉમર નુ બાળક એકલુ રડતુ હોય શી ટીમ ના મહીલા કર્મચારીઓએ આ બાળક પાસે જઇ તેને તેનુ નામ સરનામુ પુછતા તેણે પોતાનુ નામ આર્યન હોવાનુ જણાવેલ અને ક્યા રહે છે તે સરનામુ જણાવી શકેલ નહી જેથી આ બાળક ને લઇ ને ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે આવી સીનીયર પોલીસ ઇંન્સપેકટર શ્રી જે.એમ.સોલકી સાહેબ ને આ બાળક ગોવીંદવાડી શાક માર્કેટ ખાતે થી બીનવારસી મળી આવેલ હોવાની હકીકત જણાવતા પોલીસ ઇંન્સપેકટર શ્રી જે.એમ.સોલકી સાહેબ નાઓએ પો.સબ.ઇંન્સ આર.આર.ગળચર સાહેબ તથા શી ટીમ ને આ બાળક ને સાથે રાખી ગોવીંદવાડી વીસ્તાર ની આજુબાજુ ની સોસાયટી મા બાળક ને સાથે રાખી તેના વાલી વારસ બાબતે તપાસ કરવાનુ જણાવતા આ બાળક ને શી ટીમ સાથે લઇ ગોવીદવાડી ની આજુબાજુ મા આવેલ સોસાયટીઓમા તપાસ કરતા હતા અને તપાસ કરતા કરતા ઇસનપુર બસસ્ટેંડ જતા એક બહેન પોતાના બાળક ને શોધતા મળી આવેલા અને તેઓએ આ પોતાનુ બાળક હોવાનુ અને એકાદ કલાક થી ઘર ની બહાર રમતા રમતા નીકળી ગયેલ હોવાનુ અને પોતે એક કલાક થી તેને શોધતા હોવાની હકીકત જણાવેલ અને બાળક પણ તેની મમ્મી ને ઓળખી ગયેલ અને આ બહેન નુ નામ ઠામ પુછતા તેમણે પોતાનુ નામ ખુશબુબેન વા/ઓ રજનીકાંત મીશ્રા ઉ.વ. ૨૪ રહે મ.ન.૧૬/બી મનોરમા પાર્ક સોસાયટી ઇસનપુર અમદાવાદ શહેર ના હોવાનુ જણાવેલ અને આ મળી આવેલ બાળક નો કબજો તેની માતાને સોપી પ્રસંશનીય કામગીરી કરેલ છે



# મિલ્કત સંબંધી ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## અન ડિટેક્ટ મિલ્કત સંબંધી ગુનો શોધી આરોપી પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પો. સ્ટેશન નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો. સ. ઈ. આર. એ. ઝાલા તથા અ. હે. કો. અજીતભાઈ ભીખાભાઈ બ.નં-૪૨૯૪ તથા અ. લો. ર. હરદીપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨ તથા અ. લો. ર. ધીરૂભાઈ જીવણભાઈ બ.નં-૧૧૬૬૨ તથા અ. લો. ર. યુવરાજસિંહ જુવાનસિંહ બ.ન.-૧૨૭૯૧ નાઓ તા-૧૮/૦૬/૨૦૨૦ ના રોજ ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને કલાક-૨૨/૦૦ વાગે ઓઢવ છોટાલાલની ચાલી ચાર રસ્તા પાસે આવતા અ. લો. ર. હરદીપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨ નાઓને મળેલ બાતમી હકીકતના આધારે એક કાળા કલરની નંબર વગરની હોન્ડા સાઈન મો. સા. જેનો એન્જીન નંબર જોતા- JC36E2460110 નો તથા ચેસીસ નંબર ME4JC36DHB8159826 જેવો વંચાઈ છે તે જેનીકી. રૂ.-૫૦૦૦/- ગણી શકાય તે તથા એક કાળા કલરના ઓપો કંપનીના મો. ફોન જેનો IMEI નંબર જોતા 869912041250834 તથા IMEI નં 869912041250826 જેવો વંચાઈ છે જેની કી. રૂ.- ૫૦૦૦/- ગણી શકાય એમ કુલ રૂ-૧૦,૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે ઓઢવ ફાયર સ્ટેશન વેરા પાસેથી આરોપી નં-૧ સાગર સ/ઓ તપનભાઈ ધરનીભાઈ કલીતા (આસામી) ઉ.વ.-૨૭ રહેવાસી- દુકાન નં-૩ યોગેશ્વર એસ્ટેટ રાજનગર એસ્ટેટની સામે ઈસ્તીયાકભાઈના એમ્બ્રોડરીના કારખાનામા વિશ્વનાથનગર સુંદરમનગર બાપુનગર અમદાવાદ શહેર નાનો તથા નં.-૨ અક્ષય ઉર્ફે અખ્ખો સ/ઓ ગોપાલભાઈ શંકરજી ઠાકોર ઉ.વ.-૧૯ રહેવાશી- મ.ન.-૦૯ રાધેપાર્ક રાજેન્દ્રપાર્ક વેરા પાસે કૈલાસનગર ઓઢવ અમદાવાદ શહેર નાઓ મળી આવેલ ઉપરોકત મો. ફોન સંબધે ઓઢવ પો. સ્ટે. મા એ/૧૧૧૯૧૦૩૭૨૦૦૬૭૧ નંબરથી ઈ.પી.કો. કલમ-૩૭૯ (એ), (૩), ૧૧૪ મુજબનો ગુનો તથા સાઈન મો. સા. સંબધે તપાસ કરતા રખિયાલ પો. સ્ટે. મા એ/૧૧૧૯૧૦૨૯૨૦૦૩૦૮ નંબરથી ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ જેથી ઉપરોકત બન્ને આરોપીઓને પકડી મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરી અન ડિટેક્ટ મિલ્કત સબંધી ગુના શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૧૯/૦૬/૨૦૨૦

# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## મિલ્કત સંબંધી ગુનાના આરોપીની પાસા અટકાયત કરી સુરત લાજપોર જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

ચાંદખેડા પોલીસ સ્ટેશન ચાંદખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૩૬/૧૯ ઇપીકો કલમ ૩૫૬, ૩૭૯, ૧૧૪ મુજબ તથા ચાંદખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૪૬/૧૯ ઇપીકો કલમ ૩૭૯(એ)(૧), ૧૧૪ મુજબ તથા ચાંદખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૪૭/૧૯ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ તથા ચાંદખેડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૫૧/૧૯ ઇપીકો કલમ ૩૮૦ મુજબના ગુનાના કામના આરોપી વિરેન્દ્રસિંહ ઉર્ફે વરુણ ઉર્ફે ભુરીયો નરેન્દ્રસિંહ ચુડાસમા ઉં.વ.૨૨ રહેવાસી, વિસત નર્સરી પાસે, ડિ-માર્ટ મોલની પાછળ, સાંઇપ્રસાદ સોસાયટીની સામે ખુલ્લી જગ્યામાં. મુળવતન ગામ- જામળા, તા.કલોલ, જી. ગાંધીનગર નાનો અમદાવાદ શહેરમાં પોતાના સાગરીતો સાથે મોટર સાયકલ ઉપર લોકોના મોબાઇલ ફોન તેમજ વ્હીકલ તેમજ રોકડ રુપિયાની ચોરી કરતો ફરતો હોય જેની પાસેથી જુદી જુદી કંપનીના ૭ મોબાઇલ કિ.રૂ.૨૨,૦૦૦/- તથા એક એક્સેસ કિ.રૂ.૪૫,૦૦૦/- તથા એક મો.સા. કિ.રૂ.૩૫,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૦૨,૦૦૦/-નો મુદ્દામાલ રીક્વર કરી તેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૩૮૮/૨૦૨૦ તા.૨૦/૦૬/૨૦૨૦ થી સદરી આરોપીને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૨૦/૦૬/૨૦૨૦ કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ ખાતે મોકલી આપેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-          સમાચાર યાદી નં.૧૦૦૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૧૪ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯ કવાટર્સ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-          સમાચાર યાદી નં.૧૦૦૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-          સમાચાર યાદી નં.૧૦૦૭/૨૦૨૦**

**ગોમતીપુરઃ** સમીમબાનુ ડો/ઓ કાલુભાઇ સંધી (ઉ.વ.૨૨) (રહે. પીઠાવાળી ચાલીના છાપરા મણીયારવાડા રાજપુર ગોમતીપુર) એ તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૫/૨૦૨૦ કલાક ૧૧/૪૫ થી ૧૨/30 વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૫૦૯૩૦૦૪૨૮ ના ધારક અજાણી છોકરીએ સમીમબાનુના મોબાઈલ પર ફોન કરી ફોન પે માંથી બોલતી હોવાનુ જણાવી સમીમબાનુને વિશ્વાસમાં લઇ ફોન પે એપ્લીકેશનમાં રૂપિયા ૪૯૯૯/-, ૩૯૯૯/-, ૧૦૦૦/-, તથા ૧૦૦૦/- ના ચાર નોટીફીકેશન મોકલી તેના પર ક્લીક કરાવી દર વખતે બેલેન્સ ચેક કરવાના બહાને યુ.પી.આઇ. પાસવર્ડ નખાવી કુલ રૂપિયા ૧૦,૯૯૮/- ઓનલાઇન ઉપાડી અથવા તો ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**ઓઢવઃ** પરેશભાઈ સોમાભાઈ પંચાલ (ઉ.વ.૪૪) (રહે. ક્રિષ્ણાપાર્ક સોસાયટી તેજેન્દ્રનગરની પાછળ વિરાટનગર ઓઢવ) એ તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૦ કલાક ૬/૫૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૮૩૮૮૮૭૫૮૪૦ ના ધારકે પરેશભાઈના મોબાઈલ પર ફોન કરી paytm સિસ્ટમ બંધ થઈ જશે K.Y.C. કરાવવુ પડશે તેમ કહી પરેશભાઈને teamviewer quicsupport એપ્લીકેશન ડાઉનલોડ કરી ઈન્સટોલ કરવાનુ કહી પરેશભાઈના એસ.બી.આઈ.બેન્કના ક્રેડેટ કાર્ડ થી રૂપિયા ૯૬,૯૦૦/- ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

**રામોલઃ (૧)** હેમલ દીનેશચંદ્ર દલવાડી (ઉ.વ.૪૫) (રહે. ગીરીવર ગેલેક્ષી રીલાયન્સ પેટ્રોલપંપ સામે વસ્ત્રાલ) એ તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૦ કલાક ૧૦/30 થી તા.૧૨/૦૨/૨૦૨૦ બપોરના ૩/૪૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૪૩૭૧૦૮૫૩૮ તથા ૯૦૮૮૯૨૫૦૨૬ ના ધારકે હેમલના મોબાઈલ પર ફોન કરી વિશ્વાસમાં લઈ રૂપિયા ૯૯,૯૯૯/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**રામોલઃ** (૨) કાજલબહેન ડો/ઓ બલરામસિંગ રાજપુત (ઉ.વ.૨૨) (રહે. શિવાલય શિવસુખનગર રતનપુરા બસ સ્ટેન્ડ સામે વસ્ત્રાલ રામોલ) એ તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૬૩૦૪૫૮૭૮૭૩ ના ધારકે કાજલબહેનના મોબાઈલ પર ફોન કરી ફોન પે માંથી બોલતા હોવાનુ કહી વિશ્વાસમાં લઈ કાજલબહેનને રૂપિયા ૪૭૯૯/- કેશ બેક મળેલ હોવાનુ કહી કાજલબહેનના ખાતામાંથી રૂપિયા ૨૦,૦૯૫/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**રામોલઃ** (૩) સચીન તુકારામ પાટીલ (ઉ.વ.૩૨)(રહે. શ્રીનંદ સીટી-૧, ન્યુ મણીનગર, રામોલ) એ તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૦ ના રોજ સાંજના પાંચ વાગ્યાથી તા.૨૮/૦૫/૨૦૨૦ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાનમાં મોબાઇલ નંબર ૯૩૫૨૨૫૯૬૫૮, ૭૬૬૨૦૭૦૮૨૩ તથા ૭૦૦૨૪૬૯૬૬૨ ના ધારકે સચીનના મોબાઈલ પર ફોન કરી વિશ્વાસમાં લઈ સચીનના ખાતામાંથી રૂપિયા ૧,૨૬,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૮/૨૦૨૦</u>**

**નવરંગપુરાઃ** રતનસિંહ બળદેવસિંહ પરમાર (ઉ.વ.૫૮) (રહે. વર્ધમાનનગર મનમંદીર એપાર્ટમેન્ટ પહેલો માળ પેલેસ રોડ રાજકોટ) એ તા.૨૦/૦૬/૨૦૨૦ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા પંજાબી હોલની સામે સુવર્ણકલા કોમ્પ્લેક્ષમા પહેલા માળે ઓફીસ નં-૧૨ ખાતે આંગડીયા પેઢીમા મેનેજર તરીકે નોકરી કરતા આરોપી ગોવિંદભાઈ વેલાભાઈ દેસાઈ (ઉ.વ.૩૬) (રહે.ત્રીજો માળ પ્રતીક્ષા એપાર્ટમેન્ટ ભુયંગદેવ ઘાટલોડીયા) તા.૧૬/૦૬/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઓફીસમાં આંગડીયા પેઢીમાંથી પેઢીમાં આવેલ અલગ-અલગ વેપારીઓના રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.પરમાર ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૯/૨૦૨૦</u>**

**શાહપુરઃ** આકીબ સ/ઓફ યાસીનભાઈ મન્સુરી (ઉ.વ.૨૧) (રહે.ચાંદ મેન્સન દ્વારકાદાસ પટેલની ચાલી કેપીટલ હોટલ સામે ખાનપુર શાહપુર) એ તા.૨૦/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૧૫ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની મારૂતી ઈકો ગાડી નંબર જીજે ૨૭ એપી ૬૬૩૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ આકીબ મન્સુરીએ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.ધણગણ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૧૦/૨૦૨૦</u>**

**મેઘાણીનગરઃ** મીનાબહેન ડો/ઓ પાંડુરંગ ભીસે (ઉ.વ.૪૫) (રહે. ઓમકારનગરની ચાલી છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ બીમારીથી કંટાળી તા.૨૦/૦૬/૨૦૨૦ કલાક ૪/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

**બાપુનગરઃ** બાપુનગર શેડ નંબર-૫૩ ઉમિયા એસ્ટેટ રાજેંદ્રપાર્ક ચાર રસ્તા પાસે ક્રિષ્ણા પ્લાસ્ટિક નામના કારખાનામાં રહેતા ભવરલાલ ભીમાભાઇ રબારી (ઉ.વ.૩૫) એ આર્થીક સંકડામણના કારણે તા.૨૦/૦૬/૨૦૨૦ કલાક ૮/૫૫ વાગ્યા પહેલા ક્રિષ્ણા પ્લાસ્ટિક નામના કારખાનામાં છતની લોખંડની એંગલના સળીયામાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વશરામભાઇ રામજીભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** ભુમિકાબહેન ડો/ઓ નરેશભાઇ પરમાર (ઉ.વ.૧૬) (રહે, લાલ બહાદુર શાસ્ત્રીનગર, પરિક્ષીતલાલનગર સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૬/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી